  તા. ૧૫-૯-૨૦૧૬ના રોજ 'શ્રી ઈશ્વરભાઈ અંબાલાલ પટેલ (શેરથા) વિઝીટીંગ પ્રોફેસર ફેલોશીપ પ્રોગ્રામ' વર્ષ ૨૦૧૬-૧૭ અંતર્ગત વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વક્ત તરીકે અમદાવાદથી પધારેલ પ્રોફેસર રાષ્ટ્રપતિ પુરસ્કૃત વિદ્વાન, પ્રો. ડૉ. ગૌતમભાઈ પટેલે 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ' વિષય પર બોલતાં જણાવ્યું હતું કે વેદો અને તેને વિશદ કરતું સાહિત્ય તે વૈદિક સાહિત્ય. વૈદિક સંસ્કૃતિ એટલે ઋષિ-મુનિઓએ અનેક અનુભવોમાંથી પસાર થઈને જે સારું આપ્યું છે તે, માનવ મૂલ્યોનો સરવાળો જે વ્યાપક અને શાશ્વત હોય છે, સંસ્કૃતિમાં જ્ઞાનની ઉપાસના, નૈતિકતાની આગેકૂચ, શીલ પ્રત્યે અનુરાગ, પરમતત્ત્વમાં શ્રદ્ધા, સમતા તથા પર સહિષ્ણુતા રહેલી હોય છે. વેદની વિશ્વ કલ્યાણની ભાવના સ્પર્શી જાય તેવી છે, ભારતીય સંસ્કૃતિએ વિશ્વને આધ્યાત્મિકતા આપી છે. વૈદિક સંસ્કૃતિ માનવને ભૌતિકતામાંથી દિવ્યતા તરફ લઈ જાય છે.

# Colleges in News

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સિસના બાયોલોજીકલ એન્ડ એન્વાયરોન્મેન્ટલ વિભાગના 'કાર્બન ફૂટ પ્રિન્ટ ક્લબ'ના ઉપક્રમે તાજેતરમાં વિશ્વવસ્તી દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. વહીદાબહેન શેખ, સેમકોમ કોલેજ, વલ્લભ વિદ્યાનગરે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિશ્વમાં વસ્તીના થઈ રહેલા વધારા અને એની સંભવિત અસરો અંગે વક્તવ્ય આપ્યું હતું. કોલેજના બાયોલોજી અને અન્વાયરોન્મેન્ટ સાયન્સ વિભાગના વડા ડૉ. ઋતા કુમારે વિશ્વવસ્તી દિનની ઉજવણીના થીમ 'ઈન્વેસ્ટ ઈન ટીનએજ ગર્લ્સ' અંગે પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યાં હતાં. આ ઉજવણીના ભાગરૂપે એક વક્તૃત્વ સ્પર્ધા અને સ્લોગન રાઈટિંગ કોમ્પિટિશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ–સિમ્પા શર્મા (એમ.એસ.સી. આઈ.ટી.), દ્વિતીય–શ્રેય રાખોલિયા (ટી.વાય. ઈન્વા. બી.એસ.સી.) તથા તૃતીય ધૃષા જાની (એસ.વા. ઈન્વા. બી.એસ.સી.) આવ્યાં હતાં. સ્લોગન સ્પર્ધામાં પ્રથમ રોશની મહિડા, દ્વિતીય હેમલ પટેલ અને તૃતીય રવિ અમીપરા (એસ.વાય. બી.એસ.સી. ઈન્વા. બી.એસ.સી.) આવ્યાં હતાં.
- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ અને એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ દ્વારા આ જ કોલેજના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન એજ્યુકેશન એડમિનિસ્ટ્રેશન (પી.જી.ડી.ઈ.એમ.)નાં પૂર્વ છાત્ર અને ૧૯મે ૨૦૧૬ના રોજ વિશ્વના સર્વોચ્ચ શિખર એવરેસ્ટનું આરોહણ કરનાર શ્રીમતી ચેતના રાણા શાહુ અને એમની સાથે જ એવરેસ્ટ સર કરનાર એમના જીવનસાથી શ્રી પ્રદીપ શાહુનું સન્માન કરવામાં આવ્યું હતું. આ દંપતિને બન્ને કોલેજો દ્વારા સંયુક્ત રીતે શિલ્ડ પ્રશસ્તિપત્ર અને શાલ અર્પણ કરવામાં આવ્યાં હતાં.
- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં યુજીસી, એમ.એચ.આર.ડી. સ્પોન્સર્ડ ડીડીયુ કૌશલ કેન્દ્રમાં ચાલતા બી.વોક એક્સપોર્ટ–ઈમ્પોર્ટ મનેજમેન્ટ એન્ડ સપ્લાય ચેન એન્ડ લોજીસ્ટીક્સ' અભ્યાસક્રમ અંતર્ગત લીડરશીપ સ્કીલ અંગે તાજેતરમાં રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન થયું હતું. એમાં હિમાંશુ રાવલે તજજ્ઞ તરીકે સેવા આપી હતી.

  આજ કોલેજમાં ડીડીયુ કૌશલ કેન્દ્રમાં ચાલતા ડિપ્લોમા ઈન ઈવેન્ટ મેનેજમેન્ટ કોર્સ અંતર્ગત 'માર્કેટીંગ પીચ એન્ડ સેલીંગ ટેકનિક્સ' વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન થયું હતું. એમાં વિષય નિષ્ણાત તરીકે 'યો–યો' ગુજરાતી યુટ્યૂબ ચેનલના ફાઉન્ડર અને સી.ઈ.ઓ. શ્રી બ્રહ્મા રાવલે સેવા આપી હતી.

  આજ કોલેજના આચાર્યશ્રી ડૉ. આર.ડી. મોદી સમગ્ર ગુજરાત રાજ્યની વાણિજ્ય કોલેજના આચાર્યોમાં શ્રેષ્ઠ આચાર્ય તરીકે પસંદગી પામ્યા છે. એમને શ્રી મોઢ મોદી વણિક જ્ઞાતિ હિતવર્ધક મહામંડળ દ્વારા 'વિદ્યા રત્ન એવોર્ડ' અર્પણ કરવામાં આવ્યો છે. અભિનંદન
- આજ કોલેજના વિદ્યાર્થીઓ માટે 'વિવેકાનંદ સેન્ટર ઓફ પોઝીટીવ થિંકીંગ એન્ડ કાઉન્સેલીંગ' અંતર્ગત શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ ખાતે ત્રણ દિવસની શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં વ્યક્તિત્વ વિકાસ, આત્મવિશ્વાસ, વર્ધન, વૈદિક મંત્રોચ્ચાર, ધ્યાન, ટાઈમ મેનેજમેન્ટ ઈત્યાદિ અંગે કાર્યક્રમો યોજાયા હતાં. એમાં કોલેજના બી.કોમ., બી.સી.એ. અને પીજીડીસીએના એકાવન વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજને નેકમાં B++ ગ્રેડ (૨.૭૬ પોઈન્ટ) પ્રાપ્ત થયા છે. અભિનંદન !!
- આજ કોલેજના આચાર્યશ્રી ડૉ. એન.એમ. પટેલ તેમજ અન્ય બે પ્રાધ્યાપકો સર્વશ્રી પી.પી. પટેલ અને સી.આર. પટેલને નિવૃતિ સમયે સંસ્થા તરફથી ભાવભરી વિદાય આપવામાં આવી.

## વાણિજ્ય

| | | |
|---|---|---|
| – સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ | – રાષ્ટ્રીય સ્તરની કાર્યશાળા<br>અભિનય નાટ્ય અકાદમીનો સહયોગ | જુલાઈ<br>સાત દિવસ |
| | – સ્વામી વિવેકાનંદ નિર્વાણ દિન ઉજવણી<br>વિદ્યાર્થીઓના વ્યક્તવ્યો | |
| | – ગુરુપૂર્ણિમા, ૧૬૮ વિદ્યાર્થીઓએ ગુરુ અંગેના<br>નિયમો ગ્રહણ કર્યા<br>બી.કોમ. (સ્વનિર્ભર), એમ.કોમ., બી.સી.એ.,<br>બી.બી.એ.(આઈટીએમ), પીજી ડીસીએ | તા. ૧૯-૭-૧૬ |
| | – અભિમુખતા કાર્યક્રમ, બીસીએ, બીબીએ પ્રથમ વર્ષ<br>બી.કોમ. (સ્વનિર્ભર), એમ. કોમ. | -- |
| | – ગ્રંથાલય, વિવેકાનંદ કેન્દ્રની મુલાકાત | -- |
| | – રાષ્ટ્રીય યુવા સંમેલનમાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | -- |
| | – શતરંજ સ્પર્ધા (એમ.કોમ.) | જુલાઈ-૧૬ |
| | – અભિમુખતા કાર્યક્રમ (એન.એસ.એસ.)<br>એમ.કોમ., બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે | -- |
| | – હેલ્થ ચેક અપ – ત્રિદિવસીય કાર્યક્રમ<br>બી.કોમ., બીબીએ, બીસીએ, બીબીએ(આઈટીએમ)<br>પીજી ડીસીએના વિદ્યાર્થીઓ માટે | |
| | – સહકારી શિક્ષણ તાલીમ વર્ગ | તા. ૧-૮-૧૬ |
| | – જ્ઞાનધારા, સામાન્ય જ્ઞાન અને અભિયોગ્યતા સ્પર્ધા | તા. ૧૧-૮-૧૬ |
| | – કારકિર્દી માર્ગદર્શન અને આયોજન સેલ | -- |
| | – ડૉ. એસ.આર. રંગનાથન જન્મજયંતી વાર્તાલાપ | -- |
| | – મીલેનિયમ ડેવલોપમેન્ટ અંગે વાર્તાલાપ | -- |
| | – અમૂલ ડેરી : શૈક્ષણિક મુલાકાત | -- |
| | – અમી લાઈફ સાયન્સ પ્રા. લિ. કરખડી જી.આઈ.ડી.સી.<br>અને બર્જર પેઈન્ટલિ, વિઠ્ઠલ ઉદ્યોગનગર મુલાકાત | -- |
| | – ગાંધી જયંતી નિમિત્તે ગાંધીજીના પુસ્તકોનું પ્રદર્શન | તા. ૨-૧૦-૧૬ |
| | – શિક્ષક દિનની ઉજવણી : શ્રેષ્ઠ શિક્ષક સ્પર્ધા | |
| | – મહિલા પખવાડિયું ઉજવણી | તા. ૩-૮-૧૬ |
| | – સમધારા : ફોર્ટ ફિસ્કી શીર્ષક અંતર્ગત<br>નૃત્ય, નાટકકલા અને સંગીત કૃતિઓનું આયોજન | |
| | – ઉરી હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ | |
| | – ડી.ડી.યુ. કૌશલ કેન્દ્રમાં અકીરા ફિલ્મ દર્શન | |
| – ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, વિ.વિ. નગર | – આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તાલીમ | તા. ૧૫-૨૦-૬-૧૬ |
| | – બીજો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી | તા. ૨૧-૬-૧૬ |
| | – વિશ્વ પ્રદૂષણ દિન | તા. ૧૧-૭-૧૬ |

| | | |
|---|---|---|
| | - અભિમુખતા કાર્યક્રમ-બીકોમ, બીબીએ માટે | તા. ૧૮-૭-૧૬ |
| | - સેનિટરી ફેકલ્ટી સર્વે - સ્વચ્છ ભારત મિશન | તા.૧૮, ૧૯-૭-૧૬ |
| | - ગુરુ પૂર્ણિમા ઉજવણી | તા. ૧૯-૭-૧૬ |
| | - દુપટ્ટા સુશોભન સ્પર્ધા | તા. ૨૦-૭-૧૬ |
| | - સલાડ સુશોભન સ્પર્ધા | તા. ૨૧-૭-૧૬ |
| | - એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ | તા. ૧૮-૭-૧૬ |
| | - ઔદ્યોગિક મુલાકાત-એફવાય બીબીએના વિદ્યાર્થીઓ | તા. ૨૯-૭-૧૬ |
| - આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ બીઝનેસ સ્ટડીઝ, આણંદ | - શિક્ષણ દિનની ઉજવણી | તા. ૫-૯-૧૬ |
| - આણંદ કોમર્સ કોલેજ, આણંદ | - એન.સી.સી. રેન્ક ડીસ્ટ્રીબ્યુશન ૧૩ બટાલિયન | -- |
| | - ૨૦૦૬-૦૮ બેચની એલ્યુમની મીટ | તા. ૯-૧૦-૧૬ |

## વિજ્ઞાન

| | | |
|---|---|---|
| - નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સિસ, વલ્લભવિદ્યાનગર | - ભૌતિક વિજ્ઞાન વિભાગ અને ભારતીય હવામાન ખાતું અમદાવાદના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ મેટ અવેર-૨૦૧૬ | જુલાઈ સાત દિવસ |
| | - વીમેન ડેવલપમેન્ટ સેલ-વાર્તાલાપ વક્તા : જગદીશજી વિષય: આઈ ઓફ માઈન્ડ કન્ટ્રોલ | 01-07-06 |
| | - એન.એસ.એસ. યુનિટ અને મધ્યસ્થ સમિતાના ઉપક્રમે અભિમુખતા કાર્યક્રમ, વિશેષ ઉપસ્થિતિ : જીલ્લા સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ શ્રી સૌરભ સિંઘ | |
| | - શૈક્ષણિક પ્રવાસ : આર્ય એગ્રોબાયો ટેક એન્ડ રીસર્ચ સેન્ટર સંતોક પુરા, બોરસદ મત્સ્ય બીજ કેન્દ્ર લીંગડા | |
| | - યુનિવર્સિટી દ્વારા આયોજિત ક્રોસ કંટ્રોલ રેસમાં દ્વિતીયક્રમ | |
| | - ફિલ્મ કલબ દ્વારા રિસાયક્લિંગ વિષય પર દસ્તાવેજી ફિલ્મ દર્શન | |

## શિક્ષણ

| | | |
|---|---|---|
| - એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભવિદ્યાનગર | - કાવ્ય પઠન-કાવ્ય ગાન સ્પર્ધા | તા. ૨૧-૭-૧૬ |
| | - વિશ્વ વસ્તી દિન ઉજવણી | તા. ૧૧-૭-૧૬ |
| | - ગુરુપૂર્ણિમા | તા. ૧૯-૭-૧૬ |
| | - આઝાદીના ૭૦ વર્ષ અંતર્ગત : યાદ કરો કુરબાની કાર્યક્ર | -- |
| | - ધી લીજેન્ડ ઓફ ભગતસિંહ ફિલ્મ દર્શન | તા. ૧૧-૮-૧૬ |
| | - સ્વાતંત્ર્ય સંગ્રામીઓના જીવન પર આધારિત ચર્ચા | તા. ૧૩-૮-૧૬ |
| | - દેશભક્તિ ગીતગાન | તા. ૧૩-૮-૧૬ |
| | - સરદાર પટેલ નિવાસ અને સરદાર પટેલ મેમોરીયલની મુલાકાત | તા. ૨૦-૮-૧૬ |

| | | |
|---|---|---|
| | – યાદ કરો કુરબાની વિષય પર ડૉ. આઈ.એન. વાઘેલાનું વ્યાખ્યાન | તા. ૨૨-૮-૧૬ |
| | – યુનિવર્સિટી મ્યુઝિયમની મુલાકાત | તા. ૨૩-૮-૧૬ |
| | – વિશ્વ સાક્ષરતા દિવસની ઉજવણી | તા. ૮-૮-૧૬ |
| | – એન્ટીરેગીંગ સેલ, પેનલ ચર્ચા | તા. ૧૦-૯-૧૬ |
| | – આંતરકોલેજ વિજયપદ્મ પરિવિવાદ સ્પર્ધા | તા. ૧૪-૯-૧૬ |
| | – પૂ. મોટા શિક્ષણ ચિંતન વિસ્તરણ પીઠ અંતર્ગત ડૉ. ગૌતમ પટેલનું વ્યાખ્યાન | તા. ૧૫-૯-૧૬ |
| | – વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી | તા. ૧૬-૯-૧૬ |
| – આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ | – થેલેસેમીયા માર્ગદર્શન અને ચેક-અપ વિશેષ ઉપસ્થિતિ : રેડક્રોસ સોસાયટી અમદાવાદના ફિલ્ડ મેનેજર શ્રી જયેશભાઈ સોલંકી | |
| | – ડોક્ટર્સ ડે, કોલેજ સ્થાપના દિન વિશેષ ઉપસ્થિતિ : ડૉ. ધ્રુવીબહેન પ્રજાપતિ ફિઝિયોથેરાપિસ્ટ, આણંદ હોસ્પિટલ આણંદ | |
| | – લાઈબ્રેરી દિવસની ઉજવણી વાલી સ્નેહ મિલન | |
| | – દેશભક્તિગીત અને સ્લોગન લોખન સ્પર્ધા | |
| | – વૃક્ષારોપણ કાર્યક્રમ | |
| | – શિક્ષકદિનની ઉજવણી | |
| | – વર્ષાગીત સ્પર્ધા | તા. ૨૫-૬-૧૬ |
| | – પોસ્ટર (વિશ્વ વસ્તીદિન) | તા. ૧૧-૭-૧૬ |
| | – ગુજરાત સાહિત્ય કસોટી | તા. ૨૧-૭-૧૬ |
| – એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ | – વિશ્વ વસ્તી દિન, વર્તાલાપ-ડૉ. કિંજલ આહિર એસો. પ્રોફે. અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ સ.પ. યુનિવર્સિટી | તા. ૧૧-૭-૧૬ |
| | – વાર્તાલાપ-વક્તા શ્રી કિરીટભાઈ ચાવડા વિષય : વૃક્ષમંદિર | -- |
| | – સમધારા અભિમુખતા કાર્યક્રમ | -- |
| | – ગુરુપૂર્ણિમા, વિદ્યાર્થીના પ્રતિભાવો, ગીત, નાટક | તા. ૧૯-૭-૧૬ |
| | – ગૌરીવ્રત : મહેંદી સ્પર્ધા | -- |
| | – વિદ્યાર્થી સંસદ | -- |
| | – સમધારા, યાદ કરો કુરબાની : આઝાદી ૭૦ પખવાડિયાની ઉજવણી, પોસ્ટર સ્પર્ધા, વૃક્ષારોપણ કાર્યક્રમ | |



સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના એસોસિએટ પ્રોફેસર શ્રીમતી વર્ષાબહેન કિરીટકુમાર ટંડેલને પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. વર્ષાબહેને એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજના આચાર્ય ડૉ. મોહનભાઈ સી પટેલના માર્ગદર્શનમાં 'ઈકોનોમિક એનાલીસીસ ઓફ ચેઈન્જીંગ ડાયમેન્શન્સ ઓફ આઈ.ટી. સેક્ટર ઈન ઈન્ડિયા' વિષય પર સંશોધન કર્યું છે. અભિનંદન !!

# Teachers' Corner

- અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. કિરણ આર. સુરતીની સંશોધન યોજના Low Band Gap for Photovoltaies ને સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ રીસર્ચ બોર્ડ (SERB), નવી દિલ્હીને એક વર્ષ માટે માન્ય રાખીને એમને અનાવર્તક ખર્ચ માટે રૂા. ૫,૫૦,૦૦૦/- નું અનુદાન મંજૂર કર્યું છે. અભિનંદન !
- અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. એન. જે. પરમાર (આસિ. પ્રોફેસર)ની સંશોધન યોજના : As Search for Biomolecules of Pharmaceutical Interest via Domino Synthetic Strategies ને એક વર્ષ માટે માન્ય રાખીને એમને અનાવર્તક ખર્ચ માટે રૂા. ૫,૫૦,૦૦૦/- નું અનુદાન મંજૂર કર્યું છે. અભિનંદન !
- અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. સૌરભ સોનીની સંશોધન યોજના : Colored Fluorescent Conducting Oligomers/Monomers for Dye Sensitized Solar Cells ને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (DST) ન્યુ દિલ્હીએ ત્રણ વર્ષ માટે મંજૂર કરીને રૂા. ૪૬,૬૭,૬૮૭/- નું અનુદાન આપ્યું છે. અભિનંદન!
- અનુસ્નાતક સોશિયલ વર્ક વિભાગના ડૉ. બીગી થોમસની સંશોધન યોજના : Intimate partner violence : Exploring links with Men's Attitude towards Gender Equality and Childhood gender Inequality & Violence Experiences ને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રીસર્ચ (ICSSR) ન્યુ દિલ્હીએ માન્ય કરી છે. આ સંશોધન યોજનાની અવધિ બે વર્ષ છે. આ માટે એમને રૂા. ૧૦,૦૦,૦૦૦/- નું અનુદાન મંજૂર થયું છે.
- અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગના ડૉ. પી.સી. વિનોદકુમારની સંશોધન યોજના : Intimate partner violence : Exploring links with Men's Attitude towards Gender Equality and Childhood gender Inequality & Violence Experiences ને સાયન્સ એન્ડ એન્જીનિયરિંગ રીસર્ચ બોર્ડે મંજૂર કરી છે. એમને બે વર્ષ માટે રૂા. ૧૬,૬૬,૦૪૦/- અનુદાન રૂપે પ્રાપ્ત થયા છે.
- **Dr. Jayprakash M. Trivedi,** Professor, Dept. of Sociology, Sardar Patel University, Vallabh Vidyanagar
    - Appointed as expert by U.G.C., Delhi in advisory committee for the centre in Backward districts of Marathawada at Dr. Babasaheb Ambedkar Marathawada University Aurongabad under UGC CPEPA Centre with Excellence in Particular Area.
    - Appointed and worked as chairman, AAA Peer Team to Mahila College, Himatnagar 15-16 July 2016.
    - Appointed and worked as member coordinator NAAC Peer Team visit to Govt. First Grade College Khanapur, Dist. Belgaun, Kornataka.
    - Appointed and worked as member coordinator in NAAC Peer Team visit to Karmakshtra P.G. College, Itawa (U.P) 19-21 Sept. 2016.

- Appointed and worked as member in NAAC Peer Team visit to Govt. College Anjand, Dist. 'Badwani, M.P.' 22-24 Sept. 2016.
- Appointed and worked as member coordinator in NAAC Peer Team Visit to G.S. Patil Arts and Commerce College, Hubli, Dharnad, Karnataka 5-6- Oct. 2016.

- **Prof. Baldev Aagaja,** Political Science Department have participated in international seminar on Abhinavgupta-A Re-reading organized by Bhavan's Sheth R.A. College of Arts and Commerce, Ahmedabad on 15the Sept. 2016.

  He also worked as a subject expert in one day workshop on soft skill and foundation presented a paper on Indian constitution. This workship was organized by Arts College, Limkheda on 19th Sept. 2016.

  He also worked as Resource person in 34th orientation programme organized by UGC Human Resource Development centre, Sardar Patel University, Vallabh Vidyanagar on 28-9-2016.

# Students' Corner

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ સાયન્સ કોલેજની વિદ્યાર્થીનીઓ : સર્વે જોશી, પલક કેપ્ટન, આયુષી ખરે, ધારા લાડ, શિક્ષા શર્મા અને કિના પટેલને સરદાર પટેલ યુનિવર્સિટી યોજિત આંતર કોલેજ ચેસ સ્પર્ધામાં ઉપવિજેતા (રનર્સ અપ) બન્યા છે. સૌને અભિનંદન !!

- સી. પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના એન.સી.સી. વિંગના છ કેડેટ્સ થલ સૈનિક કેમ્પ (ટી.સી.એસ.)માં પસંદગી પામ્યા છે. આ કોલેજના વિદ્યાર્થીની કુ. રેશ્મા પઠાણે રાષ્ટ્રીય સ્તરની શૂટીંગ ચેમ્પીયનશીપમાં ભાગ લીધો હતો. વળી, પ્રિયા, દર્શના, કૈલાશ, મયુરી, રાહુલ ભોઈ, રાહુલ સોલંકી, પૃથ્વી, કરન અને સુરેશે કોલેજનું રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કર્યું હતું.

  આ જ કોલેજમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસે ૫ સપ્ટેમ્બરના રોજ શ્રેષ્ઠ શિક્ષક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં સ્નાતક કક્ષાએ વિજય ઠાકોર-પ્રથમ, ખુશનુમા વહોરા-દ્વિતીય અને નિલોફર વ્હોરા ત્રીજા ક્રમે વિજેતા જાહેર થયા હતા. અનુસ્નાતક કક્ષાએ દીપિકા મકવાણા, મહેશ સોલંકી અને વૈભવી પટેલ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા ઘોષિત થયા હતા.

  આ જ કોલેજના એમ.કોમ-સેમ.૧ના વિદ્યાર્થી અમિત નારાયણભાઈ કનોજીયાને એન.સી.સી. આયોજિત ૨૨ સ્મોલ બોર ફ્રી રાયફલ જુનિયર મેન ઈન્ડિવિઝ્યુઅલ ઝોન પોઝીશનમાં છઠ્ઠો ક્રમ, સિનિયર મેન ઈન્ડિવિઝ્યુઅલમાં પાંચમો ક્રમ, છઠ્ઠો ક્રમ અને સાતમો ક્રમ પ્રાપ્ત થયો છે. અભિનંદન !!



# લીલોછમ મેઘ

વરસે રીમઝીમ લીલોછમ મેઘ
નીતરે ભીની ભીની માટીની મહેક

કરે પવન જોબનવંતા સુસવાટા
ને કાળજા કંપાવે પેલાં ઝાપટાં

એકધારી ધાર કરે શ્વાસ અધ્ધર
વાદળોનો ગડગડાટ હલચલ મચાવે અંદર

ઠારે નજરું ટપકતી બુંદો
આભ રંગવાનો આ અવસર જુદો

પાંદડે ચડ્યો રંગ પેલો લીલોચટ્ટાક
ઘનઘોર વાદળ ઘેરાયા કાળાડિબાંગ

અરે મેઘ ! તું મન મેલીને વરસે
પણ કાં મુજ બિચારું આ મન તરસે
ખોજે એ જે તસવીર એ ક્યાં છુપાઈ હશે?
નક્કી, એ તારામાં જ કોક દિ'ભળી હશે...

ચિરાગ એમ. શર્મા
એમ.એ. સેમ-૩, ઇંગ્લિશ વિભાગ

## રાષ્ટ્રીય કક્ષાની પ્રવેશ પરીક્ષા જે.એન.યુ. સીબીઈઈ-૨૦૧૬માં એન.વી. પાસના વિદ્યાર્થીઓની અભૂતપૂર્વ સિધ્ધિ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સિસના આઠ વિદ્યાર્થીઓએ ૩૦ સેન્ટ્રલ અને સ્ટેટ યુનિવર્સિટીઓમાં બાયોટેકનોલોજી ક્ષેત્રે અનુસ્નાતક કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી રાષ્ટ્રીય કક્ષાની પ્રતિષ્ઠિત પ્રવેશ પરીક્ષામાં ઝળહળતો દેખાવ કરી સંસ્થા તેમજ સમગ્ર ગુજરાત રાજ્યમાં ગૌરવ વધાર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય કક્ષાએ લેવાનારી આ પ્રવેશ પરીક્ષા સમગ્ર દેશના જુદા જુદા ૫૩ કેન્દ્રો પરથી લગભગ ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓએ આપી હતી. જેમાં એન.વી.પાસના કુ. રૂચિ ઉપાધ્યાય (રાષ્ટ્રીય ક્રમાંક ૧૩૮), ધવલ ભટ્ટ (રાષ્ટ્રીય ક્રમાંક ૨૦૨), કુ. ઐશ્વર્યા જોશી (રાષ્ટ્રીય ક્રમાંક ૪૦૩), મોહમ્મદ હાડી (રાષ્ટ્રીય ક્રમાંક ૮૭૭), પાર્થ ઠાકુર (રાષ્ટ્રીય ક્રમાંક ૮૯૧), તથા કુ. ફાઝીલા પટેલ (રાષ્ટ્રીય ક્રમાંક ૧૦૦૨)એ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

# 'Community' Corner

- સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત મનોવિજ્ઞાન વિભાગ અંતર્ગત ભાઈકાકા લાયબ્રેરી ખાતે ગ્રંથાલય અભિમુખતા (Library Orientation) કાર્યક્રમ યોજાયો. એમાં વિભાગના સૌ અધ્યાપક મિત્રો તેમજ પ્રથમ સત્ર, દ્વિતીય સત્ર તથા એમ.ફિલ અને પીએચ.ડીના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

  લાયબ્રેરી ઓરિએન્ટેશન કાર્યક્રમ અંતર્ગત શ્રી હેમંતભાઈ ટકલેએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી ગ્રંથાલયમાં ઉપલબ્ધ સુવિધાઓથી માહિતગાર કર્યા હતા. સાથે સાથે ગ્રંથાલયમાં ઉપલબ્ધ પુસ્તકો, સામાયિકો, સર્વસંગ્રહો તેમજ અન્ય સામગ્રી વિશે માહિતી પૂરી પાડી હતી. ત્યારબાદ તેમણે ઈન્ટરનેટનાં માધ્યમથી પૂરી પડાતી વિવિધ પ્રકારની સુવિધાઓથી વિદ્યાર્થીઓને અવગત કર્યા હતા. જેમાં તેમણે Inflibnet, Shodhganga, Shodhsindhu, J-Gate, UGC-Infonet તેમજ વિવિધ પ્રકારના ઈ-રિસોર્સિસનાં માધ્યમથી વિદ્યાર્થીઓને માહિતી મળી રહે તેમજ તેમનાં અભ્યાસમાં ઉપયોગી બની રહે તે અંગે માહિતી આપવામાં આવી હતી. આ સાથે તેમણે ઈન્ટરનેટના માધ્યમથી પ્રાપ્ત થતી અવનવી સુવિધાઓ વિદ્યાર્થીઓ માટે કેટલી ઉપયોગી છે તેના વિશે પણ માહિતી આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને ગ્રંથાલય ખાતે આપ-લે વિભાગ, વાચનખંડ તેમજ OPEC વિભાગની મુલાકાત કરાવી વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડી હતી.

- સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝીયમ ખાતે ગણેશોત્સવ દરમિયાન તા. ૬ થી ૮ સપ્ટમ્બરના રોજ ગણેશ ઉત્સવ વિષય પર ધોરણ ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓની ત્રિદિવસીય ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં આણંદ અને તેની આસપાસના ૨૭૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

- તાજેતરમાં આણંદ અને તેની આસપાસના વિસ્તારની વાઈબ્રન્ટ એકેડેમી-ચાંગા, શ્રી મહીસાગર વિદ્યાલય-બોરસદ, પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, આઈ.બી. પટેલ ઈંગ્લીશ સ્કૂલ, મ. કી. સરસ્વતી હાઈસ્કૂલ, શ્રી લક્ષ્મીનારાયણ હાઈસ્કૂલ, શ્રીમતી કે. ડી. પટેલ વિદ્યામંદિર-ગાના, બી.એન. પટેલ હાઈસ્કૂલ-નાવલીના ૮૩૧ વિદ્યાર્થીઓ અને ૩૧ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી મ્યુઝીયમની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગો અને યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના ૬૬૦ વિદ્યાર્થીઓએ પણ મ્યુઝીયમની મુલાકાત લીધી હતી.

- મ્યુઝીયમ ખાતે ૨૦ થી ૨૪ ઓગસ્ટ દરમિયાન 'વાસુદેવ' નામે એક પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં ઈ.સ. ૧૨મી થી ૧૮મી સદીની કૃષ્ણની ધાતુની મૂર્તિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. વળી, શ્રી કૃષ્ણ અને આ પ્રતિમાઓ અંગે પૂરક માહિતી વિવિધ પોસ્ટર્સ દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. રામસિંહ રાજપૂતે કર્યું હતું.












# Vasudev

Museum of Sardar Patel University had organized an exhibition titled ***"Vasudev"*** (from 20th to 24th August 2016) to showcase Krishna Bronzes which are from the Dr. N. A. Thoothi's valuable collection of bronze sculptures preserved in the Museum's reserve store. Various forms of Krishna were displayed in the exhibition i.e. *Balgopal, Laddugopal, Nrutyagopal, Venugopal, Govardhandhari* etc. This exhibition was organized as a part of celebrating Janmashtami festival. Its major aim was to focus on iconographic variations observed in the forms of Lord Vasudev-Krishna. The theme of Vasudev as a god of Vaishnavism is better explained in our ancient scriptures and literature.

**Vasudev and Vaishnavism**

Vaishnavism is a tradition of Hinduism. It is distinguished from other schools by its worship of *Vishnu* and his associated incarnations, principally Rama and Krishna. In Vaishnavism devotees worship *Vishnu* as *Narayana* and *Vasudeva* also. Its beliefs and practices of *Bhakti* and *Bhakti Yoga*, are largely based on the *Upanishads*, associated with the Puranic texts such as the *Bhagavat Gita* and *Bhagavata Purana*. The followers of Vaishnavism are referred to as *Vaishnavites*.

*Vishnu* had a minor position in the Vedic time. Pre-Vedic *bhakti* plays an important role and the worship of the *Vrshni* hero Vasudeva was the earliest element of Vaishnavism. This earliest phase was established at the time of *Panini*. In c. 4th Century B.C. *Panini* explained the word *Vasudevaka* as a *Bhakta* (devotee) of Vasudeva in his work called *Ashtadhyayi*. As a sect, Vaishnavism emerged at the end of Vedic period in the c. 7th to 4th Century B.C. This was followed by a merger with the cult of *Gopala-Krishna* of the cowherd community of the *Abhiras* at c. 4th Century A.D. Most of the Gupta period kings were devotees of *Vishnu*, beginning with Chandragupta-II *Vikramaditya* were known as *Parama Bhagavatas* or *Bhagavata Vaishnavas*. During the Gupta age, most of the Vaishnava *Puranas* and the Tantric Vaishnava *samhitas* were written.

After the Gupta age, Krishnaism rose to a major current of Vaishnavism. And Vaishnavism developed into various sects and subsects, most of them emphasizing *bhakti*. Vaishnavism in the c. 8th Century A.D. came into contact with the *Advaita* doctrine of *Adi Shankara*. Many of the early Vaishnava scholars such as Nathamuni, Yamunacharya and Ramanuja, contested the *Advaita Vedanta* doctrines. The Bhakti movement of late medieval Hinduism started in the c. 7th Century A.D., but rapidly expanded after the c. 12th Century A.D. It was supported by the Puranic literature such as *Bhagavata Purana*, poetic works, as well as many scholarly *Bhasyas* and *Samhitas*. This period saw growth of Vashnavism under the influence of scholars such as Ramanujacharya, Madhvacharya, Nimbarkacharya and Vallabhacharya. *Bhakti* poets or teachers such as Namdev, Ramananda, Surdas, Tulsidas, Eknath, Tyagaraja and many others influenced the expansion of Vaishnavism.

The principal belief of Vishnu-centered sects is the identification of *Narayana* as the one supreme God. This belief contrasts with the Krishna-centered traditions, such as Vallabha, Nimbaraka and Gaudiya, in which Krishna is considered to be the one and only Supreme God and the source of all incarnations. Vaishnavites consider Shiva, one of the Hindu Trinity as subservient to Vishnu. *Vaishnava* theology includes the central beliefs of Hinduism such as monotheism, reincarnation, *samsara*, *karma*, and the various *Yoga* systems. But with a particular emphasis on devotion to Vishnu through the process of

*Bhakti yoga*, often including singing Vishnu's hymn, meditating upon his form and performing deity worship. *Vaishnava* devotees consider that *Vishnu* is within them, as the *Antaryami*. The goal is liberation (*moksha*), or union with the Supreme *Brahman*, an eternal life of bliss (*ananda*) in service to Vishnu, being in the spiritual realm of *'Vaikuntha'*, which lies beyond the temporary world of illusion (*maya*).

*Vedas, Upanishads, Bhagavat Gita* and *Agamas* are the scriptural sources of Vaishnavism, while the *Bhagavata Purana* is a revered and celebrated popular text. Other important texts in the tradition include *Ramayana* and *Mahabharata*. In many *Vaishnava* traditions, *Krishna* is accepted as a teacher, whose teachings are in *Bhagavad Gita* and *Bhagavata Purana*.

**10 Incarnations of Vishnu**

Vaishnavism is centered on the devotion of *Vishnu* and his 10 incarnations.

1. **Matsya**, the fish, from the Satya Yuga. Vishnu took the form of a fish to save sage Manu from the deluge, after which he took his huge boat to the new world along with one of every species of plant and animal. And he recreated the world once again.
2. **Kurma**, the tortoise, from the Satya Yuga. Devas and Asuras were churning the ocean of milk in order to get Amrita. The mount Mandara as a churning staff, started to sink and Vishnu took the form of a giant tortoise to bear the weight of the mountain.
3. **Varaha**, the boar, from the Satya Yuga. He appeared to defeat Hiranyaksha, a demon who had taken the Earth and carried it to the bottom of the cosmic ocean. Vishnu-Varaha carried the Earth out of the ocean between his tusks.
4. **Narasimha**, the half-man/half-lion, from the Satya Yuga. The d*emon* Hiranyakashipu was misusing a boon of Brahma. Vishnu took an anthropomorphic incarnation, with the body of a man and head and claws of a lion to kill the demon and restored peace.
5. **Vamana**, a dwarf, from the Treta Yuga. King Bali defeated Indra and conquered the three worlds. Vishnu took form of Vamana and asked for three paces of land. Then he turned to a giant, stepped over heaven and netherworld within two strides. King Bali in deference, offered his head as the third place for Vamana to place his foot.
6. **Parashurama**, warrior with the axe, from the Treta Yuga. He received an axe after a penance to Shiva. He is the first Brahmin-Kshatriya in Hinduism. Parashurama took a vow to kill every Kshatriya on earth.
7. **Rama**, the prince and king of Ayodhya, from the Treta Yuga. He is thought of as the ideal heroic man. His story is recounted in one of the most widely read scriptures of Hinduism, the *Ramayana*.
8. **Krishna** was the eighth son of Devaki and Vasudev, from the Dwapara Yuga. He is frequently worshiped deity in Hinduism. He is mostly associated with epic Mahabharata and Bhagvat Gita.
9. **Buddha**: Gautama Buddha, the founder of Buddhism, from the Kali Yuga, is generally included as an avatar of Vishnu in Hinduism who preached the path of non-violence.
10. **Kalki** means "Eternity", or "Rider on White Horse", or "Destroyer of Filth", will be the final incarnation of Vishnu, foretold to appear at the end of Kali Yuga, our present epoch.

**Amol A. Mohite**

Curator-MUSEUM, Sardar Patel University

# સરદાર પટેલ યુનિવર્સિટી ઈન્ટરકોલેજીયેટ યુથ ફેસ્ટીવલ




સરદાર પટેલ યુનિવર્સિટીનો આંતર કોલેજ યુવા મહોત્સવ તા. ૧૩-૧૫ ઓક્ટોબર ૨૦૧૬ દરમ્યાન યોજાઈ ગયો. આ મહોત્સવના ઉદ્‌ઘાટન સત્રમાં શ્રી આત્મારામ મકનભાઈ પરમાર (મત્રીશ્રી, સામાજકિ ન્યાય અને અધિકારિતા, ગુજરાત રાજ્ય) મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. શિરીષ કુલકર્ણીઅધ્યક્ષ તરીકે ઉપસ્થિત હતા. આ સત્રમાં આંતર કોલેજ યુવા મહોત્સવની આયોજન સમિતિના અધ્યક્ષ ડૉ. ભાવેશ પટેલ, સાંસ્કૃતિક સંયોજક ડૉ. ગુરુસેવક સિંઘ તથા યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રામસિંહ રાજપૂત પણ ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવમાં ત્રણ દિવસમાં

અનુસંધાન પૃ. ૬ પર...

## Subscribe Today

**Annual**
Students : ₹ 50.00
Others : ₹ 75.00
Institutions : ₹ 200.00

**Life**
Faculty & Staff : ₹ 1000.00
Institutions & Individuals : ₹ 2000.00

Lifetime Subscription in Foreign Exchange:
US $ 200.00 € 150.00 £ 150.00

Contact: Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* invites news of University's academic institutions, teaching and non-teaching staff, and of students. News should be sent to *Sheel Shrutam* so as to reach fifteen days before the date of publication.

**Contact:** ***Param Pathak***, PG Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.
Email: **sheelshrutam@gmail.com**
Website: **www.spuvvn.edu/academics/publications/**

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.